ज्ञानं संछिन्न संशयम्। ❖ માસિક ❖ જ્ઞાનથી સંશય નાશ પામે છે.

❑ પ્રારંભ : માર્ચ ૧૯૬૯ આપણું અને આપણા પરિવારનું સાથી

# પગથાર

❑ વર્ષ : ૪૩ ❑ ❑ ફેબ્રુઆરી - ૨૦૧૨ ❑ ❑ અંક : ૩૭૬ ❑

● તંત્રી : શ્રી વિજયભાઈ અમૃતલાલ વ્યાસ ● સંપાદક : શ્રી અશોકભાઇ ર. જોષી

લવાજમ : પગથાર પેટ્રન-આધારસ્તંભ : રૂા.૫૦૧ કે તેથી વધુ ❖ વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- ❖ કિંમત : રૂા. ૫/-

કાર્યાલય : શ્રી સર્જન યુવક સંઘ, ૬,ગુરૂકૃપા, નવવિકાસ સોસાયટી,ડૉ. મસ્કરન્સ વાડી,ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિસર-વેસ્ટ, મુંબઈ-400068.

Website : www.pagthar.wordpress.com - E-mail : pagthar@yahoo.com / sarjan.pagthar@rediffmail.com

## વિદ્યાર્થી, મા-બાપ તેમજ સમગ્ર માણસજાતને પ્રેરક સંદેશ આપતી રચનાત્મક વાર્તા

### નવજીવન

રમેશ તો નવાઈમાં ડૂબી ગયો. ઓરડામાં ચારે બાજુ કરોળિયાના ચિત્રો, રંગોની ડબ્બીઓ, કેંનવાસ, કાગળના થપ્પા ને એની અંદર ખુંપેલા પપ્પા! પપ્પાનું આવું રૂપ આ પહેલા એણે ક્યારેય ન્હોતું જોયું. અચાનક રમેશની નજર મોટા રંગબેરંગી મથાળાવાળા કાગળ પર પડી, જેમાં એક વાર્તા લખેલી હતી. જેને એ રસપૂર્વક વાંચવા લાગ્યો. “એક હતી કોયલ. તે એક વાર માંદી પડી. તેને ખબર પડી કે તેનો અવાજ થોડા દી પૂરતો બેસી જશે. એની ખબર કાઢનારા કહે, ‘અ ર ર ર, તારો અવાજ બેસી જશે? હાય હાય.. હવે તારી જિંદગી!’ કોયલ કહે,’ભલે અવાજ બેસી જતો એ પાછો ઊભો થઈ જશે. બે-ચાર દી અવાજ ચાલ્યો જાય એમાં કાંઈ આખું જીવન નકામું નહીં થઈ જાય, કાગડાકાકા! હું કાંઈ એમ હિંમત હારું એવી નથી. અવાજ બેસી ગયો એટલે એવું સમજો કે દસમા-બારમાં ધોરણની પરીક્ષાનું પેપર નબળું ગયું કા એમાં નાપાસ થયા, બસ એટલું જ.. તમે ખાલી ચોપડીની પરીક્ષામાં જ હારી ગયા, પરંતુ પરીક્ષા પૂરી એટલે તમારું સાવ પુરું થઈ ગયું એવું નથી. તમારી સામે આખી જિંદગી પડી છે. હજી ઘણી બધી તકો, પ્રવૃત્તિઓ છે. કાળઝાળ ગરમીમાં એક વખત પાક સાવ બળી જાય તો ધરતી કાયમને માટે સુકીભઠ્ઠ થઈ નથી જતી, વાંદરાભાઈ! એ એમ નથી વિચારતી કે “આપણી જિંદગી ખતમ” પાક ખાલી એક જ વાર બગડ્યો છે પણ ફરી એ જ જમીનમાં વાવશો તો પાછું ઉગશે, એટલું જ નહીં, ચોતરફ અનેરી હરિયાળી લહેરાઈ ઊઠશે, કારણ કે નબળો પાક એ સમજો માત્ર એક પરીક્ષા કે તેનું પેપર છે, તે આખા જીવનનો સાર કે તેનું માપ નથી. અભી તો પિક્ચર બાકી હૈ મેરે દોસ્ત. “કરતા જાળ કરોળિયો ભોંય પડી પછડાય, તૂટે ઘર તો પાછું નવું બનાવતો જાય.” એટલે હું નિરાશ થઈ આપઘાતના નબળા વિચાર નહીં કરું... ને કોયલ; ખરેખર થોડા દિવસ પછી ફરી એ જ મસ્તીમાં ટહુકવા લાગી ને બીજાનેય ખુશ કરી સાચો રસ્તો બતાવી ગઈ...




**શુભ સ્થળ**

કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજવાડી
જીલ્લા પંચાયતની પાસે, આંબાવાડી, હિંમતગર

**શુભ મુહુર્ત**

સવાર ૮ વાગે, વૈશાખ સુદ ૫, ગુરૂવાર, તા.૨૬-૪-૨૦૧૨

**આચાર્ય**

શ્રી શૈલેષભાઈ પંકજભાઈ રાવલ

**લગ્ન-યજ્ઞોપવિત્ સંસ્કાર**

બે લગ્ન અને વીસ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાશે.
લગ્ન અને યજ્ઞોપવિત્ સંસ્કાર માટે હજુ કેટલાક વધુ નામ નોંધાશે.

**ઉત્સવના દાતાઓ - વચનદાતાઓ**

ભોજન-પૂજાપા - યજ્ઞ મંડપ માટે

૫૧૧૧/- સ્વ. નયનાબેન જશવંતભાઈ જોષીના
સ્મરણાર્થે હ.: શ્રી જશવંત અંબાલાલ જોષી
૨૫૦૦/- ચિ.ઈશા-અંકિતના લગ્નપ્રસંગે ભેટ
હ.: શ્રી વિનોદભાઈ ડાહ્યાલાલ જોષી
૨૧૧૧/- શ્રી મહેશભાઈ અંબાલાલ ઠાકર
૨૧૧૧/- સુશ્રી મણીબેન બાલકૃષ્ણ વ્યાસ-દેરોલ-બાવસર
૨૦૦૦/- શ્રી પ્રેરક સમીર ઠાકરના લગ્નપ્રસંગે ભેટ
હ.: સુશ્રી અનસુયાબેન સુરેન્દ્રભાઈ ઠાકર

કંકોત્રી માટે

૨૦૦૦/- શ્રી યાત્રીક કશ્યપભાઈ ભટ્ટ
૨૦૦૦/- શ્રી અશોકભાઈ નર્મદાશંકર જોષી

આ ઉત્સવના દાતાઓ માટે હજુ વધુ નામ નોંધવા અપેક્ષિત છે

**સંપર્ક સ્થાન**

| | |
|---|---|
| શ્રી હરિહરભાઈ પ્ર.વ્યાસ ફોન | M.(O) 9426535646 |
| શ્રી દીલીપભાઈ વા. જોષી ફોન | M.(O) 9426047954 |
| શ્રી જશવંતભાઈ અં.જોષી ફોન | M.(O) 9725688266 |
| શ્રી બીપીનભાઈ અં. ઉપાધ્યાય ફોન | M.(O) 9724155316 |
| શ્રી અશોકભાઈ ન.જોષી ફોન | M.(O) 9825048988 |
| શ્રી અશોકભાઈ ર.જોષી ફોન | M.(O) 9867053517 |

...ને એ રંગબેરંગી કાગળ શોધવા જેવી હિંમતલાલે પાછળ નજર ફેરવી કે તરત જ... લે તું ક્યારે રૂમની અંદર ઘુસી ગયો દીકરા!!? અચ્છા, તો એ કાગળ તારા હાથમાં છે એમ! કેવી લાગી વાર્તા?

'સરસ છે પપ્પા' રમેશ થોડું મલક્યો ને પપ્પા બોલ્યા, તને નવાઈ લાગે છે ને કે આ બધું!! એક પુસ્તકે મને જગાડ્યો જેમા લખેલું કે તમે જીવનમાં ક્યારેય ન કર્યું હોય એવું સારું કંઈક નવું. અનોખું કરી બતાવો. બેટા, નાનો હતો ને ત્યારે હું સરસ ચિત્રો દોરતો, પણ છેલ્લા વીસ વરસથી ધંધા, નફા, પૈસા.. વગેરેની હાયવોયમાં બધું ભૂલી ગયો હતો, પરંતુ આજ મેં નક્કી કર્યું કે આજકાલ વિદ્યાર્થી નબળા પેપર કે પરિણામથી નાસીપાસ થઈ જીવનનો અંત આણવા સુધી પહોંચી જાય છે; તે ન થાય ને તે ફરી પડકાર ઝીલી લઈ નવી આશા, શ્રદ્ધા સાથે બેઠો થાય એવું કાંઈક કરું. ને દીકરા સાચું કહું? આ વાંચીને વિદ્યાર્થી વગેરેને તો મળશે જ, પણ મને તો અત્યારે જ નવજીવન મળી ગયું. જો આ ચિત્રો.

પહેલું ચિત્ર કરોળિયો ચડે એવું, બીજું તે નીચે પડે તેનું ને ત્રીજું તે ફરી ઉપર ચડી અંતે ઘર બનાવવામાં સફળ થાય એ પ્રકારનું હતું. રમેશે ચિત્રો જોયા ને પછી તે ઘરની બહાર નીકળ્યો..

...દીકરો મોડી સાંજે ઘેર પાછો આવ્યો ને પપ્પાને વળગી રડવા લાગ્યો. પછી થોડું સ્વસ્થ થતા એ બોલ્યો,'પપ્પા, સવારે જ્યારે હું તમને મળવા આવ્યો'તો ત્યારે અમારી પરીક્ષા પૂરી થતાં જ હું કાંકરિયા તળાવની પાળે ફરવા જવાની રજા લેવા આવ્યો'તો પણ સાચું કહું? હું કાયમ માટે તમારી રજા લેવા આવ્યો'તો. હું ત્યાંથી પાછો ન્હોતો આવવાનો, પણ તમારી વાર્તા, ચિત્રો વગેરે જોઈ હું ઘેર પાછો ફર્યો છું. બધા મા-બાપ તમારા જેવા હોય જે મિત્ર બની સાચું વહાલ કરે, ખોટું દબાણ ન કરે તો જીવવાની મઝા આવે, થેંક્યુ પપ્પા, થોડીવાર સાવ શાંતિ છવાઈ ગઈ. ને પછી પપ્પા ગળગળા સાદે કહી રહ્યા, 'બેટા, એવા અનેક લોકો છે જે ભણવામાં સાવ "ઢ" હતા છતાં સફળ થયા છે. પરીક્ષા મહત્વની છે જે દિલ દઈ પૂરી મહેનત કરી આપો, પણ એની જ ફૂટપટ્ટીથી તમારી કુશળતાને ન માપો. ને ખાલી અભ્યાસક્રમના ચોપડા જ ન વાંચો. બીજું પણ વાંચો. થોડું નાચો-ગાઓ, હરો-ફરો તો ટેંન્શન જાશે, આનંદ આવશે, ને ઊલટું વધુ યાદ રહેશે. પરીક્ષા એ જીવનની છેલ્લી તક નથી. એની બહાર પણ એક સુંદર જીવન છે. સચિન તેંડુલકર ઝીરોમાં જાય તો તે કાયમ માટે ક્રિકેટ છોડી નથી દેતો.. ફરી હિંમત બતાવી બીજા મેચમાં સદી ફટકારે છે. ઝીરોમાંથી હીરો બની જાય છે. હારો ભલે, પણ હિંમત ન હારો. બેટા, તું આ પરીક્ષામાં ભલે કદાચ ઓછા ગુણ મેળવ કે નાપાસ થા, પણ જીવનની પરીક્ષામાં તો તું ફર્સ્ટ-ક્લાસ પાસ થયો છે. અભિનંદન, આ સદ્‌ગુણનું મૂલ્ય પેલી પરીક્ષાના ગુણ કરતાય ક્યાંય વધુ છે. ચાલ, એના માનમાં થોડો મસ્ત ડાન્સ થઈ જાય... ને પિતા-પુત્ર બંને ખુશીમાં નાચવા લાગ્યા. બંનેને કશુંક અનોખું પ્રાપ્ત થયું હતું.

## સંપર્ક - સેતુ

**એડ્રેસ ડિરેક્ટરી - (આઠમી આવૃતિ)**

**તમારી નકલમાં નીચે પ્રમાણે સુધારા -વધારા (૧૬) કરવા વિનંતી છે.**

**૧૫૬A પાઠક જયેશ હરવદન**
શ્રી નંદનગર N/૧૦૫, વિભાગ-૨, વેજલપુર,
અમદાવાદ - 380051

**૨૫૪A દેસાઈ અંકિત પ્રકાશભાઈ**
**(જોષી ઈશા વિનોદભાઈ, દાવડ)**
**DESAI ANKIT PRAKASHBHAI**
129 S, Virginia Ave. Apt. 205,
Atlantic City, NJ 08401-7443

**૩૦૩ પંડયા ધવલ અરવિંદભાઈ**
**(જોષી મીતલ જયકાન્તભાઈ, દાવડ)**
PANDYA DHAVAL ARVINDBHAI
2130, Hassell Road # 306,
Hostman Estates, IL 60169,
Chicago, U.S.A.
Email : dhaval_pan@yahool.com

**૩૩૧ ત્રીવેદી તુષાર અરવિંદભાઈ (ભીલોડા)**
**(જોષી મીત્સુ રમેશભાઈ, દાવડ)**
આનંદ બીલ્ડીંગ, ફલેટ નં.૮૦૧, આઠમે માળે, ગોરસવાડી, પેટ્રોલપંપની પાછળ, સ્વામી વિવેકાનંદ રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ - 400 064

**૪૨૨ સક્સેના રવિકુમાર**
**(ત્રિવેદી માલતીબેન પોપટલાલ, દેરોલ)**
A૩/૧, ઐશ્વર્યા એપાર્ટમેન્ટ,
સોમેશ્વરા કોમ્પલેક્ષ II ની પાછળ, સ્ટાર બઝારની સામે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ - 380015
ફોન : M.(O).9898939135

**૭૫૯ A જપી ભરત રમણલાલ**
B-૧૦૪, સમર્પણ રેસીડેન્સી,
શીતલનાથ સોસાયટીની પાસે, કઠવાડા રોડ,
નરોડા, અમદાવાદ - 382330
ફોન : M.(O).9998447912

**૯૫૯ પરીખ ડૉ.ભદ્રેશ હસમુખરાય**
**પરીખ સ્વાતિ ભદ્રેશ LM**
**(પંડયા સ્વાતિ રજનીકાંત, સંઘપુર)**
PARIKH DR. BHADRESH HASMUKHRAI
12025 NW, 9th Place, Coral Springs,
Florida, U.S.A. Tel.: 954 344 8467
Email : parikh1@bellsouth.net

## નોટબુકો

શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે પ્રતિવર્ષની જેમ આગામી શૈક્ષણિક વર્ષ સન ૨૦૧૨ - ૨૦૧૩ની શરૂઆતમાં આપણા વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં સસ્તાદરથી અને જરૂરિયાતવાળા વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં વિનામૂલ્યથી નોટબુકોનું વિતરણ કરવામાં આવશે. આ પ્રવૃત્તિનું આયોજન મે-૧૯૭૩થી પ્રતિ વર્ષ શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે થાય છે. આ નોટબુકો ઉપર વિદ્યાદાનના સ્વરૂપે આપની અને અથવા આપશ્રીના પરિચિતોનું જાહેરાતદાન આપવા-અપાવવા સહુ શુભેચ્છક દાતાઓને વિનંતી છે. નોટબુકના બીજા કવર ઉપર Stripના રૂા.૧૫૦૦/- અને ત્રીજા કવર ઉપર Stripના રૂા.૧૦૦૦/- નું જાહેરાતદાન આપવા - અપાવવા વિનંતી છે.

## શતં જીવ શરદ

| | | |
|---|---|---|
| સુશ્રી મીનાબેન રાજેન્દ્રભાઈ પંડયા | સંઘપુર | ૧૧મી ફેબ્રુઆરી |
| શ્રી વિનોદભાઈ કૃપાશંકર ભટ્ટ | આગલોડ | ૧૧મી ફેબ્રુઆરી |
| શ્રી ચિરાગ પ્રદીપભાઈ પાઠક | ખેડાવાડા | ૧૧મી ફેબ્રુઆરી |
| શ્રી શૈલેશ બચુભાઈ વ્યાસ | દેરોલ | ૧૧મી ફેબ્રુઆરી |
| સુશ્રી સંગીતાબેન મનીષભાઈ જોષી | દાવડ | ૧૧મી ફેબ્રુઆરી |
| સુશ્રી કિર્તીબેન જયકાન્તભાઈ જોષી | દાવડ | ૧૨મી ફેબ્રુઆરી |
| શ્રી સુરેશભાઈ પ્રહલાદભાઈ વ્યાસ | સાંપડ | ૧૨મી ફેબ્રુઆરી |
| શ્રી પ્રદ્યુમ્નભાઈ શંકરલાલ જોષી | આગલોડ | ૧૪મી ફેબ્રુઆરી |
| સુશ્રી કોમલ પાર્થીવ પંડયા | સંઘપુર-મુંબઈ | ૧૪મી ફેબ્રુઆરી |
| શ્રી જયેન્દ્રભાઈ હસમુખલાલ વ્યાસ | દેરોલ | ૧૪મી ફેબ્રુઆરી |
| સુશ્રી મીના દીપક પંચોલી | આગલોડ-અમદાવાદ | ૧૬મી ફેબ્રુઆરી |
| શ્રી વામનભાઈ જગન્નાથ દવે | આગલોડ-મુંબઈ | ૧૬મી ફેબ્રુઆરી |
| સુશ્રી અમીતા હીતેશ દવે | દાવડ-મુંબઈ | ૧૭મી ફેબ્રુઆરી |
| શ્રી મિહીર હરેન્દ્ર જાની | દેરોલ | ૧૮મી ફેબ્રુઆરી |
| શ્રી જય તુલસીદાસ પંડયા | જામળા | ૧૯મી ફેબ્રુઆરી |
| શ્રી મુકેશભાઈ તુલસીદાસ પંડયા | જામળા | ૨૧મી ફેબ્રુઆરી |
| શ્રી આશીષ કનુભાઈ જાની | દેરોલ | ૨૧મી ફેબ્રુઆરી |
| શ્રી અશોકભાઈ મૂળશંકર ભટ્ટ | આગલોડ | ૨૧મી ફેબ્રુઆરી |
| શ્રી સુભાષભાઈ મહાશંકર ઉપાધ્યાય | કડોલી | ૨૨મી ફેબ્રુઆરી |
| સુશ્રી રીના રાજેશ ઉપાધ્યાય | જામળા | ૨૨મી ફેબ્રુઆરી |
| શ્રી વિપુલ પ્રવિણચંદ્ર પંડયા | જામળા | ૨૨મી ફેબ્રુઆરી |
| સુશ્રી ભાગીરથીબેન કૌશીકભાઈ દવે | આગલોડ-મુંબઈ | ૨૩મી ફેબ્રુઆરી |
| શ્રી વિશાલ દીપકભાઈ ઉપાધ્યાય | જામળા | ૨૪મી ફેબ્રુઆરી |
| શ્રી પંકજભાઈ મૂળશંકર ભટ્ટ | આગલોડ | ૨૫મી ફેબ્રુઆરી |
| શ્રી અતુલભાઈ નાનાલાલ જપી | પ્રેમપુર | ૨૬મી ફેબ્રુઆરી |
| શ્રી રાજેન્દ્રભાઈ મણીલાલ પંડયા | સંઘપુર | ૨૭મી ફેબ્રુઆરી |
| શ્રી વસુમતીબેન જયશંકર યાજ્ઞિક | આગલોડ-અમદાવાદ | ૨૮મી ફેબ્રુઆરી |
| સુશ્રી કૃષ્ણાબેન કિરણચંદ્ર ત્રિવેદી | દેરોલ | ૨૮મી ફેબ્રુઆરી |
| શ્રી રાજેશભાઈ કાન્તીલાલ જોષી | જામળા | ૩જી માર્ચ |
| શ્રી હરેશભાઈ નાનાલાલ રાવલ | સાચોદર | ૩જી માર્ચ |
| શ્રી સિદ્ધાર્થ શીવશંકર ઠાકર | પેઢામલી | ૩જી માર્ચ |
| શ્રી જીતેન્દ્ર મણીલાલ જોષી | રૂપાલ | ૪થી માર્ચ |
| સુશ્રી માનસી (મેઘા) ધવલ જોષી | પ્રેમપુર-હિંમતનગર | ૪થી માર્ચ |
| શ્રી સનાતનભાઈ નર્મદાશંકર જોષી | આગલોડ | ૫મી માર્ચ |
| શ્રી કેતનભાઈ રમણિકલાલ પંડયા | કડોલી | ૭મી માર્ચ |
| શ્રી હીમાંશુભાઈ સુમનભાઈ ઠાકર | પ્રેમપુર | ૮મી માર્ચ |

આપ સર્વ ભાઈ-બહેનોને આ જન્મ દિવસે સુખ, આનંદ, નીરોગી, આયુષ્ય અને સમાજમય જીવન સાંપડો એ શુભેચ્છાસહ અભિનંદન 'સર્જન' ના સભાસદો અને/અથવા 'પગથાર'ના પેટ્રન-આધારસ્થંભ દાતાના નામો અંહી પ્રગટ થાય છે પણ જેઓના નામ આ વિભાગમાં પ્રગટ થયા નથી તેઓએ તેમના નામ અને જન્મ તારીખ અમને તુરંત જણાવવા વિનંતી છે આ વિભાગમાં હવે 'સર્જન'ના સભાસદોના અને/ અથવા 'પગથાર'ના પેટ્રન-આધારસ્થંભ દાતાઓના નામ-ગામ અને જન્મતારીખ પ્રગટ થાય છે. પગથારના પેટ્રન થવા માટે રૂા.૫૦૧/- કે તેથી વધુ દાન મોકલવા અને જન્મતારીખ જણાવવા વિનંતી છે.

## 7 Colours of Wonder

Colours of nature
Nice to see its behaviour
Comes in rain
Looks like frame!
One of the colour is Violet
Which lets my heart so excited!
And one of them is Yellow
Which is like some of the fellow!
One colour is Orange
Which is something like drainage
Another colour is Green
Which I can see it in rain very clean!
One of the colour is Red
It seems to be very polluted!
One of the colour is Indigo
Which is always seen to blow
In the air with natural glow!
And last is of my most favourate
Which has no defect and had not displaced
This colour is likely to see in sky
Which is very high!
And the colour is BLUE
Which has stuck my heart with lots of excitement and happiness with glue
So my favorite colours of wonder are
Liked by me as the heart of a star
I hope 7 colours of wonder are liked by everyone
And some of them are shining like sun!!

- Urmi Hiren Padhya, Studying in 7th Std.

## આ છે આપણો દેશ

જનગણભર્યા આ દેશમાં કહોને પ્રભુ હુ શું કરૂં ?
સત્તાધીશો તળિયે ડુબાડે દેશને હું શું કરૂં.

કાયદા ઘડનારા પાલન ન કરે હું શું કરૂં.
ન્યાયમૂર્તિ સ્વંય અન્યાય કરે હુ શું કરૂ.

વૈદો દવા કરે તોય દર્દો ના ટળે હું શું કરૂં.
શિક્ષકો વ્યાપાર શિક્ષણના કરે હું શું કરૂં.

વેરો વસુલે તેજ કરચોરી કરે હું શું કરૂં.
રક્ષકો ભક્ષક બની ધોરી રહે હું શું કરૂં.

રક્ષકો ભક્ષક બની ધોરી રહે હું શું કરૂં.
દોસ્ત વિશ્વાસુ દગા ફટકા કરે હું શું કરૂં.

ધર્મગુરૂઓ અધર્મો આચરે હું શું કરૂં.
કેવળ પ્રભુજી આપશ્રીમાં આસ્થા રહે હું શું કરૂં.
જોજો પ્રભુ ના આપને કહેવું પડે હું શું કરૂં.

- વસંતલાલ એમ.પંડયા

નાનેરા - મોટેરા સહુની લાડલી

# "મમ્મા" (મમ્ + માઁ)

સ્નેહાર્દ સૌજન્યમૂર્તિ



## સ્વ. ચતિનબેન રમણીકલાલ જોષી

**જન્મ તા. ૪-૨-૧૯૪૧ (પોષ સુદ પૂનમ)** **મોક્ષ તા. ૦૮-૧-૨૦૧૨ (પોષ સુદ પૂનમ)**

| | |
|---|---|
| अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।<br>नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ।। | આત્માને છેદી, બાળી, ભીંજવી કે સુકાવી શકાતો નથી,<br>કેમ કે, આત્મા નિત્ય, સર્વ વ્યાપક, સ્થિર, અચળ અને શાશ્વત છે. |

**ત્યાગશીલ - સમર્પિત - સહનશીલતાની મૂર્તિ એવા મારા અર્ધાંગિની**

**ઐશ્વર્ય અતૂટ શ્રધ્ધા - અવિરત પરદુઃખભંજન - ભક્તિનો ત્રિવેણી સંગમ એવી અમારી પ્યારી માઁ.**

**સ્નેહ - મમતા - લાગણી - વાત્સલ્યનો અખૂટ દરિયો એવી અમારી મમ્મા.**

**સ્નેહસભર આતિથ્ય - સૌહાર્દપૂર્ણ નિખાલસતા - માર્ગદર્શક વડીલ એવા અમારા પરમપૂજનીય ભાભીશ્રી.**

**લોખંડી મનોબળ - દઢ નિર્ણયશક્તિ - ઉચ્ચ સંસ્કારોનો અમૂલ્ય વારસો એવી અમારી દિકરી – મોટી બહેનશ્રી**

**નીડર - સેવાભાવી - કૌટુંબિક પ્રેરણામૂર્તિ એવા આદરણીય વડિલશ્રી.**

**ને અમારા સહુના 卐 ।। શત્ શત્ વંદનમ્ ।। 卐 ।। કોટી કોટી નમન્ ।। સહ**

**પરમકૃપાળુ પરમાત્મા પાવનકારી આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.**

**સર્વે આત્મીયજનો - મિત્રો - સ્વજનો દ્વારા રૂબરૂ -ટેલીફોન - પત્ર દ્વારા**
**અર્પિત શ્રધ્ધાંજલિ - સ્મરણાંજલિ બદલ અંતઃ કરણપૂર્વક સહુનો આભાર**

**રમણીકલાલ દેવશંકર જોષી** (ઇલોલ - હિંમતનગર)

વર્ષા • સંજયકુમાર ચોકસી (દિકરી -જમાઇ)
વિશ્વા • દર્શનકુમાર જોષી (ભાણેજ - ભાણેજ જમાઇ)
અનેરી • પાર્થ સંજયકુમાર ચોકસી (ભાણેજ)

ભાવના • મયુર જોષી (પુત્રવધૂ-પુત્ર)
વિભા • જીજ્ઞેષ જોષી (પુત્રવધૂ-પુત્ર)
દષ્ટિ • પાર્થિવ મયુર જોષી (પૌત્રી - પૌત્ર)

જીલ • દેવ જીજ્ઞેષ જોષી (પૌત્રી - પુત્ર)

સ્વ. શારદાબા • સ્વ. નાનાલાલ જપી
પન્ના • અતુલ જપી
હેમલત્તા • નરેન્દ્રકુમાર ઉપાધ્યાય
કંચન • ભરતકુમાર વ્યાસ
અંજના • વિનયકુમાર જાની
જાગૃતિ નાનાલાલ જપી
સરોજબેન • દિલીપકુમાર જોષી (મોયદ)

સ્વ. રેવાબા • સ્વ. દેવશંકર જોષી
મીરા • ચંદ્રકાન્ત જોષી
પ્રજ્ઞા • ભાનુભાઇ જોષી
કલ્પના • ઇન્દ્રવદન જોષી
દર્શના • રજનીકાન્ત જોષી
મંજુલા • અનિરૂધ્ધ ઠાકર
સ્વ. ઉષા • સુરેશકુમાર જપી

**સમસ્ત જપી પરિવાર** રંજનબેન • રમેશચંદ્ર પંડયા (જામળા) **સમસ્ત જોષી પરિવાર**

# What is "MAMMA..." for us?

*"Mamma"* - A True **inspiration for the lifetime**

***Mamma*** is ***warm huge*** and ***sweet memories..***

Remembers all of our achievments and forgets all of our mistakes...

Is *someone* you can tell all *your* secrets and worries too...

Prays always that all our dreams come true.....

Always loves us and pamper us, no matter what...

Being a Chief Mentor of the house, Guides the family & always provides the right direction....

Always make us realize "**How precious we are to Her...**"

Her tender touch is always blessings....

Held our hands for a while but our hearts for lifetime...

## ❖ With lots of love ❖

Darshan, Vishwa, Aneri, Parth, Drashti, Jeel, Parthiv, Dev, Nishita, Vedita, Tanisha, Soham

## પાણીપરબ

શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે ઉનાળાની ગરમીની સીઝનમાં ગામ કે ગામની સીમમાં પાણીપરબ શરૂ કરવામાં આવે છે. સદ્ગત-સ્વજનની સ્મૃતિમાં આ શ્રેષ્ઠદાન કહેવાશે અને એમાં આપનું યોગદાન ઉપકારક નીવડશે અને તે માટે આપ સહુને સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે. પાણીપરબના સ્થળ માટે પણ આપ સુચન કરી શકો છો.

## શ્રી સર્જન યુવક સંઘ
## :સંજીવની:

શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે સન૨૦૦૪માં સંજીવની યોજના શરૂ કરાઈ છે. આ સંજીવની યોજનામાં સંકળાયેલ સ્વજનના શ્વાસ અટકી જાય - સ્વજનનો દેહોત્સર્ગ થાય ત્યારે તેમના નિયુક્ત વારસદારને (૧) આપવાથી આપણને ગર્વ ન થાય (૨) લાભકર્તાને સંકોચ ન થાય (૩) સંજીવની લેવાય પણ કરજ ન ચઢે (૪) મદદ લેવાથી/આપવાથી લાગણી ન દુભાય અને (૫)કોઈની પાસે આભારની ઉઘરાણી ન કરાય એવી આ સંજીવની સામાજીક સુરક્ષા યોજના છે. આ યોજનામાં સંકળાયેલ સહભાગીની કાયમની વિદાયથી એમના નિયુક્ત વારસદારને જે તે સમયનો એકત્રિત ફાળો પહોંચાડાય છે. આ યોજના એક ફરજસ્વરૂપની છે. સન ૨૦૦૪માં શરૂ કરાયેલ આ યોજનામાંના કુલ ૩૨ સહભાગી સ્વજનોમાં કુલ રૂા.૩,૪૭,૮૩૫/-નું યોગદાન અત્યારસુધી અપાયેલ છે.

ઘણી સંસ્થાઓમાં એક યા બીજા સ્વરૂપે આ યોજના કાર્યરત છે એ રૂએ શ્રી સર્જન યુવક-સંઘનો આ નમ્ર પ્રયાસ છે અને એથી જ આપ સહુ સ્વજનોને સંસ્થાની આ સંજીવની યોજનામાં સંકળાવા - સહભાગી થવા વિનંતી છે. આ સંજીવની યોજનામાં સંકળાવા આપે પ્રવેશશુલ્ક રૂા.૫૦/- એમ ત્રણ કે વધુ દેહોત્સર્ગનો આગોતરો સંજીવની ફાળો રૂા.૧૫૦/- કે વધુ એમ કુલ ચેકથી રકમ કે રોકડાથી મોકલવાના છે. ચેક "શ્રી સર્જન યુવક સંઘ A/C સંજીવની" ના નામથી મોકલવા વિનંતી છે. આ સંજીવની યોજનામાં સંકળાયેલ સહભાગીના પ્રત્યેક દેહોત્સર્ગ પ્રસંગે રૂા.૫૦/-નો સંજીવની ફાળો બાકીના સહભાગીઓએ આપવાનો રહેશે.

આ યોજનામાં અત્યારસુધી સંકળાયેલ સહભાગીઓનો સંજીવની ફાળો જેઓનો બાકી છે તેઓ સહુએ આ બાકી ફાળો તુરંત જ મોકલવા ફરી વિનંતી છે.

ભરત પટેલ
M (O) 09586826814

દેવાંગ પંડ્યા
M (O) 09726770532

જે.કે.એન્ટરપ્રાઈઝ
ઉત્પાદક : સ્ટીલ પાવડા, લોખંડ પાવડા
મુ.નવા સંઘપુર, તા. વિજાપુર, જિલ્લો : મહેસાણા. (ઉ.ગુ)
Email : dev_pandya1989@yahoo.com

Rough, Rugged, Rare

SHIVA APPARELS
Iqbal Compound, Pathan Wadi, Behind Air India Staff Bldg.,
Rani Sati Marg, Malad (E), Mumbai - 400 097.

## શ્રી સર્જન યુવક સંઘ

### (૧) સંસ્કૃત શ્લોક વકૃત્વ સ્પર્ધા : સન ૨૦૧૧

પંદર વર્ષ સુધીના બાળકો માટે કંઠસ્થ વેદઋચા/સંસ્કૃત શ્લોકના સ્પષ્ટ ગાન માટેની સ્પર્ધા ટૂંકમાં શ્રી સર્જન યુવક સંઘ યોજશે. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા.૧૧૫૧/-, બીજા વિજેતાને રૂા.૭૫૧/- અને ત્રીજા વિજેતાને રૂા.૫૫૧/- નું ઈનામ અપાશે. આ સ્પર્ધામાં ભાગ લેનારે પચ્ચાસ શ્લોકો સ્પષ્ટ કંઠસ્થ રજૂ કરવાના છે અને તે સ્પર્ધકના માતા કે પિતા શ્રી સર્જન યુવક સંઘના સભાસદ હોવા જરૂરી છે. સ્પર્ધાના સ્થળ અને સમયની હવે પછી 'પગથાર' માં પ્રગટ કરાશે. આ સ્પર્ધાનું આયોજન શ્રી સર્જન યુવક સંઘ કરી રહ્યુ છે આ સ્પર્ધામાં ભાગ લેનારે સંસ્થાના મંત્રી શ્રી અશોક ર. જોષી (ફોન - M. (O) 9867053517)નો સંપર્ક કરી નામ નોંધાવવા વિનંતી છે.

### (૨) નીબંધ સ્પર્ધા : સન ૨૦૧૧ - II
### વહુ ઘેલા સાથે હું કુટુંબ વહાલો થાઉં તો!
અથવા
### વર ઘેલી સાથે હું કુટુંબ વહાલી થાઉં તો!

ઉપરોક્ત વિષય ઉપર શ્રી સર્જન યુવક સંઘના સભાસદો અથવા તેમના પરિવાર માટે જ નીબંધ સ્પર્ધા યોજાઈ છે. આ નીબંધ સ્વચ્છ અને સુઘડ અક્ષરે છેકછાક વિના કાગળની એક બાજુએ હોશિયો છોડીને ગુજરાતીમાં લખવાનો છે. ભાગ લેનાર સ્પર્ધકે નીબંધ સાથે અલગ પત્રમાં પોતાનું નામ, ઉંમર, જન્મતારીખ, સરનામુ, સંપર્ક ફોન, વતન અને સ્પર્ધક લેખકના પરિવારમાંના શ્રી સર્જન યુવક સંઘના સભાસદનું નામ લખવાનું છે અને તે સાથે સ્પર્ધક લેખકે પોતાનો ફોટો મોકલવાનો છે. આ ફોટા પાછળ સ્પર્ધક લેખકે પોતાનું નામ લખવાનું છે. આ નીબંધ સંસ્થાના કાર્યાલયમાં તા.૩૧-૧-૨૦૧૨ સુધીમાં મોકલવાનો છે. આ નીબંધ સ્પર્ધામાં પ્રથમ વિજેતાના રૂા.૭૦૦/-, બીજી વિજેતાને રૂા.૫૦૦/- અને ત્રીજી વિજેતાને રૂા.૩૦૦/-નું ઈનામ અપાશે. નીબંધ લેખનમાં કોઈપણ જગ્યાએ સ્પર્ધક લેખકે પોતાની ઓળખાણ કે નામ લખવાનું નથી.

### (૩) ગાયત્રી જપ યજ્ઞ

કળીનો પ્રકોપ સર્વત્ર વ્યાપ્તછે. જ્યારે વિપત્તી વ્યાપક બનતી જાય ત્યારે તેના ઉપાય માટે તથા માનવની સુખ, સાંતિ, સમૃધ્ધિ માટે ગાયત્રી મંત્રનો જપ ઘણોજ પ્રભાવી છે. જપ કરનારનું, તેમના પરિવારનું અને સમાજ પરિવારનું રક્ષણ કરી શ્રી, આયુષ્ય અને ઐશ્વર્યથી ગાયત્રી મંત્ર સમૃધ્ધ કરે છે. સર્જન-પગથારના ચાહકો, શુભેચ્છકો, વાંચકો, સભાસદો અને દાતાઓ માટે શ્રી સર્જન યુવક સંઘે ગાયત્રીજાપ યત્રનું આયોજન વિચારેલ છે. કોઈપણ નાના કે મોટા સ્વજનો આ જપયજ્ઞમાં સંકળાઈ શકશે આ જપયજ્ઞમાં સંકળાવા ઈચ્છતા સહુ કોઈએ સંસ્થાના કાર્યાલયમાં અથવા Email થી નામ નોંધણી કરાવવા વિનંતી છે. આ નામનોંધણી થયા પછી આ જપયજ્ઞનું આયોજન કરાશે અને સહુને જાણ કરાશે. આ આપણું સામુહિક અનુષ્ઠાન છે અને આ જપયજ્ઞને આપણ સહુએ યશસ્વી બનાવવાનો છે - આયોજક : **શ્રી સર્જન યુવક સંઘ**

### યજ્ઞોપવિત્ સંસ્કાર

સુશ્રી દર્શનાબેન અને શ્રી મયુરભાઈ પુરૂષોત્તમદાસ પાધ્યા (જામળા)ના સુપુત્ર **ચિ.વેદાંગ** ને અમદાવાદમાં તા.૨૯-૧-૨૦૧૨ના રોજ યજ્ઞોપવિત્ સંસ્કાર અપાયા છે.

## લગ્ન મંડપ



❖ સુશ્રી ઉષાબેન અને શ્રી પંકજભાઈ સોમનાથ રાવલ (વજાપુર)ના સુપુત્ર **ચિ.અમિત** ના લગ્ન સુશ્રી સવિતાબેન અને સ્વ.વસંતભાઈ સોમનાથ જપી (પ્રેમપુર)ની સુપુત્રી **ચિ.શીતલ** સાથે વિજાપુરમાં તા.૧૭-૧-૨૦૧૨ના રોજ થયાં છે.

❖ શ્રી અનીરૂધ્ધભાઈ ચુનીલાલ જોષી (આગલોડ)ની દીકરી સુશ્રી શીલાબેન અને શ્રી મૃદુલભાઈ પ્રવિણકાન્ત શુક્લનાસુપુત્રી **ચિ.ધ્વની** ના લગ્ન સુશ્રી અપર્ણાબેન અને શ્રી ભરતભાઈ ચીમનલાલ મહેતાના સુપુત્ર **ચિ. રત્નાશીષ** સાથે મુંબઈમાં તા.૧૯-૧-૨૦૧૨ ના રોજ થયાં છે.

❖ સુશ્રી વર્ષાબેન અને શ્રી વિનોદભાઈ ડાહ્યાલાલ જોષી (દાવડ)ની સુપુત્રી **ચિ.ઈશા**ના લગ્ન સુશ્રી ઉષાબેન અને શ્રી પ્રકાશભાઈ રમણલાલ દેસાઈના સુપુત્ર **ચિ. અંકિત** સાથે અમદાવાદમાં તા.૧૯-૧-૨૦૧૨ ના રોજ થયાં છે. આ લગ્ન પ્રસંગે સમુહ લગ્ન-યજ્ઞોપવિત્ પ્રસંગના રૂા.૨૫૦૦/- અને પગથારના પેટ્રન તરીકે અંકિતના રૂા.૫૦૧/- અને ઈશાના રૂા.૫૦૧/- એક કુલ રૂા.૩૫૦૨/- શ્રી વિનોદભાઈ ડા. જોષીએ શ્રી સર્જન યુવક સંઘને ભેટના આપ્યા છે.

❖ સુશ્રી રેખાબેન અને સ્વ.યોગેશભાઈ પ્રહેલાદજી પંડયા (સંઘપુર)ની સુપુત્રી **ચિ.ચાંદની** ના લગ્ન સુશ્રી ભાવનાબેન અને શ્રી નીકુંજભાઈ પ્રેમશંકર શાસ્ત્રીના સુપુત્ર **ચિ. નીમીત્ત** સાથે મુંબઈમાં તા.૨-૨-૨૦૧૨ ના રોજ થયાં છે.

### સમસ્ત બ્રાહ્મણ મહાસંઘ

સમસ્ત બ્રાહ્મણ મહાસંઘના ઉપક્રમે મુંબઈમાં ૧૩મો સમુહ લગ્ન-યજ્ઞોપવિત્ ઉત્સવ મુંબઈમાં તા.૧૫-૪-૨૦૧૨ના રોજ યોજાઈ રહ્યો છે. વધુ વિગતો અને નામ નોંધાવવા માટે સંસ્થાની શુભ માંગલિક કાર્ય સમિતિના ચેરમેન શ્રી રાજુભાઈ ઓઝા ફોન : M. (O) 9987190901 અથવા કૉ-ચેરમેન શ્રી જયકાન્તભાઈ જોષી ફોન : M. (O) 9819621997 નો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.


શુભેચ્છા સહ...

## સ્વ. પરિમલ નાથાલાલ ભટ્ટ

તાલુકા : વિજાપુર, જિલ્લા : મહેસાણા,
આગલોડ, ઉત્તર ગુજરાત

## શ્રી સર્જન યુવક સંઘ
### શૈક્ષણિક યાત્રા
### નહેરૂ પ્લેનેટોરીયમ

**નહેરૂ પ્લેનેટોરીયમની શૈક્ષણિક દર્શન યાત્રાના યાત્રીકો**



શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે મુંબઈમાં તા.૨૯-૧-૨૦૧૨ના રોજ નહેરૂ પ્લેનેટોરીયમની શૈક્ષણિક યાત્રા યોજાઈ હતી. આ નહેરૂ પ્લેનેટોરીયમમાં *World Time*, પ્રત્યેક ગ્રહો પરની ગુરૂત્વાકર્ષણની અસર, મંગળ અને ચંદ્રના ગ્રહનું વિરાટ દશ્ય, સોલાર સીસ્ટમ અને આકાશગૃહમાં આકાશનું દશ્ય જોવા મળેલ હતું. આ નહેરૂ પ્લેનેટોરીયમમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જયકાન્ત મ. જોષીએ આ નહેરૂ પ્લેનેટોરીયમના સીનીયર પ્લેનેટોરીયમ એન્જીનીયર શ્રી જ્યોતીકુમાર કા. જાનીનો વિશેષ સહયોગ મેળવ્યો હતો અને પ્રવેશશુલ્કમાં કન્શેશન મેળવ્યું હતું. આ યાત્રાનું પ્રવેશશુલ્ક રૂા.૧૦/-રખાયું હતું. આ શૈક્ષણિક દર્શન યાત્રા પછી યાત્રીકોને અલ્પાહાર સંસ્થા તરફથી આપ્યો હતો.

### વિક્રાંત જહાજ

**વિક્રાંત જહાજની શૈક્ષણિક દર્શનયાત્રાના યાત્રીકો**



શ્રી સર્જન યુવક સંઘના ઉપક્રમે મુંબઈમાં તા.૨૭-૧-૨૦૧૨ના રોજ વિક્રાંત જહાજની શૈક્ષણિક યાત્રા યોજાઈ હતી. આ વિક્રાંત જહાજની યાત્રા માટે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી જયકાન્ત મ. જોષીએ *Novel Area* ના કમાન્ડર પાસેથી પ્રવેશ માટે મંજૂરી મેળવી હતી અને પ્રવેશ શુલ્ક માટે કન્શેશન મેળવ્યું હતું. આ શૈક્ષણિક યાત્રા માટે યાત્રીકો *Novel Area* ના *Tiger Gate* ના આંગણે એકઠા થયા હતા અને આ દર્શનયાત્રા દરમિયાન *Guide* ઓફીસરો સાથે રહ્યા હતા અને વિક્રાંત જહાજની વિગતવાર વિગતો આપી હતી અને સમજણ આપી હતી. આ વિક્રાંત જહાજ સાથે નાસક જહાજની શૈક્ષણિક દર્શન યાત્રા યોજાઈ હતી. આ દર્શનયાત્રા પછી યાત્રીકોને અલ્પાહાર સંસ્થા તરફથી અપાયો હતો.

જીવનલીલા સંકેલી લીધા બાદ પણ અન્યોની જીંદગીમાં દ્રષ્ટિથી પ્રકાશ રેલાવતા જવું એમાંથી મોટું ક્યું પુણ્ય હોઈ શકે ?
**ચક્ષુદાન કરો અને એ પુણ્યના હકદાર બનો**

### દેહોત્સર્ગ

આંખનું જતન કરો ! મૃત્યુ બાદ ચક્ષુદાન કરો !
પગથારમાં ચક્ષુદાતાની મરણનોંધ સાથે ચક્ષુદાતાનો ફોટો પ્રગટ થાય છે.

○ **રંજનાબેન યજ્ઞેશભાઈ ઠાકર** (પ્રેમપુર, ઉ.વ.૫૪, યજ્ઞેશ અશ્વિનભાઈ ઠાકરના પત્ની, પરિક્ષિત અને માસુમની માતા, શશીકળાબેન અને સ્વ.ભાનુશંકર ગીરધરલાલ જોષી (આગલોડ)ના દીકરી)નો હિંમતનગરમાં તા.૨-૧-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો છે.

○ **યતિનબેન રમણિકલાલ જોષી** (ઈલોલ, ઉ.વ.૭૧, રમણિકલાલ દેવશંકર જોષીના પત્ની, મયુર, જીજ્ઞેશ અને વર્ષા સંજય ચોકસીની માતા, સ્વ.શારદાબેન અને સ્વ.નાનાલાલ ગણપતરામ જપી(પ્રેમપુર)ના દીકરી)નો હિંમતનગરમાં તા.૮-૧-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો છે.

○ **કિરણચંદ્ર બળદેવરામ પાઠક** (ખેડાવાડા, ઉ.વ.૭૯, સ્વ.પદમાબેન કિરણચંદ્ર પાઠકના પતિ, રાજેન્દ્ર, પ્રકાશ, પ્રજ્ઞા અનીરૂધ્ધ જોષી (દાવડ) અને કુંદન યજ્ઞેશ ઉપાધ્યાય (જામળા)ના પિતા, સ્વ.ડાહીબા અને સ્વ.લાભશંકર આત્મારામ વ્યાસ (દેરોલ)ના જમાઈ)નો હિંમતનગરમાં તા.૧૩-૧-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો છે.

○ **વિનય કૃષ્ણપ્રસાદ રાવલ** (દાવડ, ઉ.વ.૩૨, મંજુલાબેન અને સ્વ. કૃષ્ણપ્રસાદ મણીલાલ રાવલના દીકરા અને જતિન અને અજીતા દીનેશ વ્યાસ (અમદાવાદ)નો ભાઈ)નો હિંમતનગરમાં તા.૨૫-૧-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**"સર્જન-પગથાર"** સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરે છે અને તેમના સ્વજનોને સાંત્વના પાઠવે છે.

### શ્રી સર્જન યુવક સંઘ
### સંજીવની (દહોત્સર્ગ ૩૨)

શ્રી સર્જન યુવક સંઘની સંજીવની યોજનાના સહભાગી **રંજના યજ્ઞેસ ઠાકર** (પ્રેમપુર, સહભાગી ક્રમ : ૩૨) આપણે વચ્ચે હવે સદેહે નથી અને સ્મૃતિશેષ રહ્યા છે. સદગતોના નિયુક્ત પ્રથમ સ્વજનોને સંજીવનીના હાલના સર્વ સહયોગીઓનો ફાળો આ અગાઉ આપવામાં આવ્યો છે. તેથી સંજીવનીના હાલના સર્વ સહભાગીઓને તેઓ શ્રી સર્જન યુવક સંઘને ફાળો તુરંત મોકલવા વિનંતી છે. આ ફાળો અમને મુંબઈના ડ્રાફટથી અથવા મુંબઇના ચેકથી મોકલવા વિનંતી છે. મુંબઇ અમદાવાદ કે હિંમતનગરમાં આ રકમ શ્રી સર્જન યુવક સંઘ A/C સંજીવની ના નામથી તમારો ચેક યુનીયન બેંક ઓફ ઈન્ડિયામાં સંસ્થાના સેવિંગ ખાતામાં ભરી શકાય છે સંસ્થાનો સેવિંગ એકાઉન્ટ નંબર 355802010084654 છે. આ ચેક ભર્યા પછી તે બેંકની સ્લીપની પાછળ નામ, સરનામુ, રકમ, સહભાગી નંબર વિગેરે જણાવીને તે બેંકની સ્લીપ અમને મોકલવા વિનંતી છે. આ ફાળો હિંમતનગરમાં શ્રી હરિહરભાઇ પ્ર. વ્યાસ (ફોન : 02772 - 232882) અથવા અમદાવાદમાં શ્રી બીપીનભાઇ અં. ઉપાધ્યાય (ફોન : 079 - 22817086) ને ફાળો આપી શકાશે. દેહોત્સર્ગના ફાળાના રૂા. ૧૫૦/- કે તેથી વધુ ફાળો જે સહભાગીઓના બાકી છે તેઓ સહુ આ યોજનામાંથી આપોઆપ ફારેગ થાય છે અને લાભાર્થી પણ નથી એ નોંધવા વિનંતી છે.

# સ્મરણાંજલિ







## રંજનાબેન યજ્ઞેશભાઈ ઠાકર

**(પ્રેમપુર)**

**: જીવનયાત્રા :**

**જન્મ : તા.૨૬-૯-૧૯૫૭ ❖ દેહોત્સર્ગ : તા.૨-૧-૨૦૧૨**

| | |
|---|---|
| नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावकः।<br>न चैनं कलेदयन्त्यापो न शोषयति मारूतः।। | આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,<br>પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી. |

**સદગતના પવિત્ર આત્માને પ્રભુ પરમશાંતિ અર્પે એજ સહૃદયી પ્રાર્થના..**

❖❖❖❖❖❖

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં સંકળાયેલ સર્વ સ્વજનો, આત્મિય સ્વજનો અને મિત્રોએ રૂબરૂમાં કે ટેલીફોનથી કે પત્રથી અમારા દુ:ખમાં સાંત્વના આપનાર સર્વનો અંત:કરણપૂર્વક આભાર



**અમો**
**પદમાબેન અશ્વિનભાઈ ઠાકર**
**યજ્ઞેશભાઈ અશ્વિનભાઈ ઠાકર**
**પરિક્ષિત યજ્ઞેશભાઈ ઠાકર**
**માસુમ યજ્ઞેશભાઈ ઠાકર**
**ઠાકર પરિવાર**



ધી રજીસ્ટ્રર ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬ની અન્વયે **પગથાર**
પત્ર અંગેના માહિતી ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

૧. પ્રકાશ સ્થળ : મુંબઈ
૨. પ્રકાશનની સામયિકતા : માસિક
૩. મુદ્રકનું નામ : શ્રી વિજય એ. વ્યાસ
રાષ્ટ્રીય : ભારીતય
સરનામું : ૨૦૩, ન્યુ પદ્માવતી નગર, જનરલ અરૂણ વૈદ્ય માર્ગ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ - 400 063.
૪. પ્રકાશકનું નામ, રાષ્ટ્રીયતા સરનામું : ઉપર મુજબ
૫. તંત્રીનું નામ : રાષ્ટ્રીયતા, સરનામું : ઉપર મુજબ
૬. માલિકો : શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400 068.

હું , વિજય અ. વ્યાસ, આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલ વિગત મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

પ્રકાશકની સહી
વિજય એ. વ્યાસ
(પ્રકાશક-તંત્રી)

તા.૩-૨-૨૦૧૨.

## પ્રણમ્યે જનેતા, પ્રણમ્યે જનેતા

- પ્રેમને સાકાર થવાનું મન થયું ને મા નું સર્જન થયું.
- તારી સાદગી હતી સૌ ને રમ્ય.
  તારા આશિષે અમે સૌ ધન્ય.
  તારા આર્શિવાદનો રહે છત્રછાયા.
  હું તારૂં પ્રતિબિંબ, હું તારી છાયા **- માસુમ યજ્ઞેશ ઠાકર**

## અભિનંદન



સુશ્રી ભાવનાબેન અને શ્રી મહેશભાઈ અંબાલાલ ઠાકર (પ્રેમપુર)ના સુપુત્ર **ચિ.રીતેશે** ચાર્ટડ એકાઉન્ટન્ટ C.A. ની પરીક્ષા તાજેતરમાં સફળતા પ્રાપ્ત કરી છે. કુળદેવી શ્રીભદ્રકાળી માતા, ભૈરવદાદા તેમજ દાદા-દાદી, માતા-પિતા અને નાના-નાનીના આશીર્વાદથી જ આ સફળતા મળેલ છે એમ રીતેશ જણાવે છે. રીતેશ C.A. ની પોતાની પેઢી શરૂ કરી પ્રેક્ટીશ ફીલ્ડમાં આગળ વધવા ઈચ્છે છે.

## મુંબઈ મેરાથોન દોડ

સ્ટાન્ડર્ડ ચાર્ટડ બેંકના ઉપક્રમે-સૌજન્યથી મુંબઈ મેરાથોન દોડ તાજેતરમાં યોજાઈ હતી અને આ દોડમાં રામશીંગ યાદવે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ રામશીંગ યાદવ અને તેમના સાથીઓ સી.એસ.ટી (વી.ટી.) વિસ્તારની આપણા સહુની વિજયનિવાસ લોજમાં રહ્યા હતા. રામશીંગ યાદવનું ફાઈવ સ્ટાર હોટલમાં બુકીંગ હોવા છતાં એક સામાન્ય રૂમમાં ઉતારો લઈને રામશીંગ યાદવ મેરાથોન દોડમાં પ્રથમ સ્થાન મેળવી આપણી આ લોજનું ગૌરવ વધારેલ છે.

## ફૂલની ફોરમ

### શ્રી રમેશભાઈ ગિરધરલાલ જપી - સાચોદર - ચેન્નઈ



વડિલોના મુખે સાંભળ્યુ છે કે શ્રી રમેશભાઈ ગિરધરલાલ જપી નાનપણથી જ સાચા, સમજદાર, ચપળ, બાહોશ, માનંદી, ઉત્સાહી, ખંતીલા, શાંત, ન્યાયપ્રિય અને નિષ્ઠાવાન છે. નાની ઉમરથી જ તે સારા ખોટાને પારખી લેતા, ખોટી વાતને નકારી અને તેને અસ્વીકારી સારી વાતને અપનાવવાનો વિવેક તેઓ સારી રીતે જાણે છે. ખેલકૂદ અને આનંદ પ્રમોદમાં પ્રાથમિક શિક્ષણ તો સાચોદર ગામમાં પુરૂ કર્યું અને માધ્યમિક અભ્યાસ માટે ચાલતા રોજ જાદર જતા હતા. સાથે જતાં ઘણા સાથી ભેરુઓ ખરા, બધામાં તે જાણીતા, માનીતા અને લાડીલા. જીવનમાં એક સરખા દિવસો ક્યારે જાય છે ? પિતાની છત્રછાયા એકાએક અટકી ગઈ. મોટાભાઈ કોટામાં અને સાસરે બહેનો હોઈ ઘરની જવાબદારી સહજ અને સ્વભાવિક રીતે સ્વીકારવા મુંબઈ આવ્યા. મુંબઈ માસા રેવાશંકર જપીની છાયામાં તેમનું જીવન નીખરવા લાગ્યું. ચૈનાઈ જવાનો એકાએક પ્રસ્તાવ મળ્યો. આનંદી અને ઉત્સાહી સ્વભાવે પ્રભુની પ્રસાદી જાણી તેનો સ્વીકાર કર્યો. ભીંત તોડી પિંપાતો બહાર આવી હર્યો ભર્યો અને લહેરાતો સૌને દેખાય તેમ રમેશભાઈએ ચૈનાઈને ધંધુ વાહલુ કર્યું. ઠરીઠામ થઈ જીવનને તેમણે કર્મયોગમય બનાવ્યું. આગળ જતાં ગૃહસ્થાશ્રમની બધીજ જવાબદારી વહન કરી પ્રસન્ન અને શાંત ચિત્તે આનંદથી જીવનને ઘણું માણ્યું છે. જે કાંઈ બને છે અને સામે આવી ચડે છે તે સારા માટે જ હોય છે. એવું માની પુરૂષાર્થ પ્રતિ વિશ્વાસ, શ્રમમાં શ્રધ્ધા અને આત્મ ઉપર ભરોસો રાખી સમય જતાં સ્વતંત્ર ધંધો ખીલવ્યો. નિષ્ઠા, ખંત, કુનેહ, ધગરા, શ્રધ્ધા અને ભરોસો હોય છે ત્યાં પરમેશ્વર અવશ્ય સહાય કરે છે. ધીરે ધીરે ઘર, પરિવાર અને સંબંધો બધુજ આદરે પાદરે થયું. પુરૂશોત્તમજીની છાયામાં શ્રી રમેશભાઈ જપીની ચૈનાઈમાં આગવી ઓળખ પ્રગટ થઈ અને આપણે સહુ તેમને સારી રીતે ઓળખતા થયા છીએ.

Shraddha HOLIDAYS

**શુભેચ્છા સહ**
**શ્રધ્ધા હોલીડેઝ**
**સંચાલક : રાજુભાઈ**
**અગીયાર વર્ષના અનુભવી**
બી-૪૦૩, મહેશ્વર નં.-૧, બાપુ બાગવે રોડ, દહિસર પુલ પાસે, દહિસર (વેસ્ટ), મુંબઈ - 400 068
**Email :** shraddhaholidays94@gmail.com
ફોન - (022) 28943192 M (O) 9892680771

ઉત્તરાખંડ-જગન્નાથપુરી-ગંગાસાગર-નેપાલ સાથે બનારસ-ગંગટોક સાથે દાર્જીલીંગ-સાઉથ (બેંગલોર, મૈસુર,ઉટી, મદુરાઈ, રામેશ્વર, કન્યાકુમારી)-અમરનાથયાત્રા સાથે કાશ્મીર-વૈષ્ણોદેવી, અમૃતસર, કેરાલા, હિમાચલ, રાજસ્થાન, ગોવા, મહાબલેશ્વર, માથેરાન ઉપરાંત રેલ્વે અને એર ટીકીટીંગ સર્વિસ
**અદ્યતન સર્વ સુવિધાઓ સાથે**
અગીયાર વર્ષના આયોજક આ યાત્રા પ્રવાસોમાં સત્તાવીસ સાબરકાંઠા ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારના સભ્યોને ખાસ ડીસ્કાઉન્ટ અપાશે.

એકવાર ચૈનાઈ ગયેલા શ્રી અશોકભાઈ જોષીએ રમેશભાઈના પંખી પ્રેમથી પ્રભાવિત થઈ 'પગથાર' માં તેમનો પંખી પ્રેમ પ્રગટ કર્યો હતો. વાસ્તવમાં રમેશભાઈ કેવળ પંખી પ્રેમી નથી. સાચા અર્થમાં ખરેખર તેઓ તો જીવ પ્રેમી છે. પ્રત્યેક જીવમાં પરમાત્માને જોઈ મમતા, કરૂણા અને પ્રેમભાવથી તેમની સાથે આત્મીયતા, મૈત્રી અને આજબનો અભિન્ન નાતો જોડે છે. ગાય ધર્મનું પ્રતીક છે. ગાયને ચારો આપવાથી ગૃહપીડા દૂર થાય છે. એક સવારે રમેશભાઈને કૂતરાંને દૂધ પાતા, બિસ્કીટ તથા બ્રેડ ખવડાવતા જોઈને વિસ્મય અને કુતૂહલ પામતી એક પત્રકાર યુવતીએ તેમનો ઈન્ટરવ્યુ લઈ ઈન્ડિયન એક્સપ્રેસમાં તે છાપી પ્રગટ કર્યો હતો. કૂતરાંને આઠ લીટર જેટલું દૂધ પાવાનો તેમનો નિત્ય નિયમ છે. ચાર પાંચ કિલો જેટલા ચોખા અને ઘઉંના દાણા ધોઈ અને સાફ કરી રોજ પંખીઓને આપે છે. સાયકલ બજારમાં ઘણી દુકાનો વચ્ચે તેમની પણ એક દુકાન છે. આજ સુધી ક્યારેય અને કેમેય કોઈ હરિફાઈને લીધો તેમની દુકાનને કઈ આંચ આવી નથી. આ પુણ્યનું ફળ છે. ઘણા સ્કૂલ અને કોલેજમાં પ્રવેશ મેળવવા તેમની પાસે આવે છે. ત્રાહિત, દુ:ખી, ચિંતાતુર, નિરાશ, લાચાર અને નાસીપાસ થતા લોકોને જોઈ તેમનું હૈયુ દ્રવી ઉઠે છે. દરેકને પ્રવેશ આપાવીને જંપે છે. આ બધુ નિ:સ્વાર્થ ભાવે હસતે મોઠે આનંદથી કરે છે. ઘણા મોટા ઓપરેશન અને ડાકતરી સહાય માટે મળે છે. બનતી મદદ અને સહાય કરી તેઓ ઘણા આનંદ વિભોર થાય છે. કોઈનું કામ અટકવું ના જોઈએ આ બધુ જ્ઞાતજાતનાં ભેદભાવ વગર તેઓ કરે છે. કોઈ ફસાયો કે સપડાયો સર્વેને તે આબદ ઉગારી લે છે. તેઓ માને છે કે સંબંધી જનોમાં ઘણો વિશ્વાસ અને પ્રેમ હોવો જોઈએ. સંશય માણસને પછાડે છે. પોતાનાં સંતાનોની સાથે અંગત સંબંધીઓને પણ ડાળે વળગાડી સક્ષમ જીવન જીવતા કરવામાં પણ તેઓ ક્યારેય પાછી પાની કરતા નથી. તેમનું જીવન અને કર્મ પરમેશ્વરમય છે. તેમની રગેરગમાં પરમેશ્વરનો વાસ છે. એથી જ તો આ બધુ શક્ય થઈ શકે છે! એમના આ ક્રિયા કલાપ માટે આપણે ગૌરવ અનુભવવું જોઈએ. ઘણા લાંબા કાળથી તેઓ ચૈનાઈ ગુજરાતી મંડળની કમિટીમાં છે. ચૈનાઈ બ્રહ્મસમાજના પ્રમુખ પદે છે અને કાલીકટ, કોચિન, ત્રિવેન્દ્રમ, બેંગલોર, હૈદ્રાબાદ અને કોઈમ્બતુરના બ્રહ્મ સમાજોમાં લગ્નોચ્છુક યુવક યુવતી પરિચય મેળાના સંયોજક રૂપે તેમની કામગિરી પ્રશંસનીય છે. બ્રાહ્મણો પ્રતિ અતિ આદર અને તેમના ઉત્કર્ષ માટે ઉત્તમ સેવા આપવા બદલ તેમને કેટલાક સમય પહેલાં પાંચ છ હજાર બ્રહ્મજનોની ભેદનીમાં સૂરતના એ કાર્યક્રમમાં તેમને પરશુરામ એવાર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા એ આપણા માટે એક આનંદની અને ગૌરવની વાત છે.

મુંબઈ ગંગાબેન જપી હોલના નિર્માણ, પી.કે.જપી તથા કૃપાશંકર ભટ્ટના સન્માન વખતે તેમની કામગીરી ઉત્તમ અને પ્રશંસા પાત્ર હતી સર્જન યુવક સંઘના ઉપક્રમે સાચોદરમાં સમૂહ લગ્ન-યજ્ઞોપવિત્ સંસ્કાર ઉત્સવ યોજાયો હતો ત્યારે રમેશભાઈ મુખ્ય અતિથિ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સવને ભાવભર્યો સહયોગ આપ્યો હતો. સાચોદર સુરેશ્વરી માતાના જીર્ણોધ્ધાર વખતે તેમનો ઉમદા ફાળો તથા તાજેતરમાં સાચોદરના નિલકંઠ મહાદેવ જીર્ણોધ્ધાર માટે ઘણા સાથે એમણે પણ સંકલ્પ કર્યો છે જ્યારે જ્યારે આપણામાંથી કોઈ ચૈનાઈ જાય તો ત્યારે તેમની તરફથી ઉત્તમ હુફ અને સત્કાર મળે છે. એ નોંધપાત્ર ગૌરવ સમાન છે. આપણે તેમની પાસેથી ઘણું શીખવાનું અને સમજવાનું છે આજે તો પૂર્ણરીતે આપણી વચ્ચે એક સન્માન કરવા યોગ્ય વ્યક્તિ છે. પુત્ર બાપનો આત્મા છે. તેમના બધા ગુણો, ખાસિયતો અને સ્વભાવ તેમના પુત્રોમાં આવેલા છે. કાહુકાઢી આ દ્વારા સમાજની વિવિધ સેવા આપે છે. સાચે જ રમેશભાઈ એક મળવા અને માણવા જેવા અને તેમના જીવનનું અનુકરણ કરવા જેવું છે.


With Best Compliments From :



**ARYANIVAS**

**VEGETARIAN RESIDENTAL HOTEL**

KALBADEVI ROAD, MUMBAI - 400 002.

PHONE - (022) 2201 1011, 2205 1211, 2206 6679 GRAM : ARYANIVAS, MUMBAI - 2.

**રસોઈ કામ માટે**

**જય અંબે કેટરર્સ**

**અનિરૂદ્ધ વાસુદેવ જપી**

ફોન : M (O) 9427803175

(O) 9725538987

લેબરથી તથા ડીસ કોન્ટ્રાક્ટથી રસોઈ બનાવનાર તથા રસોઈના વાસણો ભાડે આપનાર

ઘર : **સી-૨૬, તીર્થભુમી એપાર્ટમેન્ટ, ઈશનપુર ચાર રસ્તા, નારોલ રોડ, મોતી હોટલનો ખાંચો,**

**અમદાવાદ 382443** ફોન : **(079) 25733215**

ઓફીસ : **C/o.** એમ.પી. પંડ્યા હાઈસ્કુલ, જેતલપુર

# સ્મરણાંજલિ



## કિરણચંદ્ર બળદેવરામ પાઠક

**(ખેડાવાડા)**

**: જીવનયાત્રા :**

**જન્મ : તા.૧૪-૪-૧૯૩૩ ❖ દેહોત્સર્ગ : તા.૧૩-૧-૨૦૧૨**

**नैनं छिदन्ति शस्त्राणि नैनं दहति पावकः।**
**न चैनं कलेदयन्त्यापो न शोषयति मारूतः।।**

**આત્મા શસ્ત્રોથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી,**
**પાણીથી ઓગળતો નથી અને વાયુથી ઉડી જતો નથી.**

**સદગતના પવિત્ર આત્માને પ્રભુ પરમશાંતિ અર્પે એજ સહૃદયી પ્રાર્થના..**

❖❖❖❖❖❖

સ્વર્ગસ્થની સ્મશાનયાત્રામાં સંકળાયેલ સર્વ સ્વજનો, આત્મિય સ્વજનો અને મિત્રોએ રૂબરૂમાં કે ટેલીફોનથી કે પત્રથી અમારા દુઃખમાં સાંત્વના આપનાર સર્વનો અંતઃકરણપૂર્વક આભાર

**અમો**

| | |
|---|---|
| રાજેન્દ્ર કિરણચંદ્ર પાઠક | જાગૃતિબેન રાજેન્દ્રકુમાર પાઠક |
| પ્રકાશકુમાર કિરણચંદ્ર પાઠક | પ્રતિક્ષાબેન પ્રકાશકુમાર પાઠક |
| પ્રજ્ઞાબેન અનીરૂધ્ધકુમાર જોષી | અનીરૂધ્ધકુમાર મહીધરલાલ જોષી |
| કુંદનબેન યજ્ઞેશકુમાર ઉપાધ્યાય | સ્વ.યજ્ઞેશકુમાર ભજગોવિંદ ઉપાધ્યાય |
| ભાવિક રાજેન્દ્રકુમાર પાઠક | મીત્તલ ભાવિકકુમાર પાઠક |
| કુલદીપ રાજેન્દ્રકુમાર પાઠક | ખ્યાતી પ્રકાશકુમાર પાઠક |

અમર ❖ વંદના ❖ મમતા ❖ પાયલ
યશ ❖ જશ

Posted at Malad N.D. Post Office, Mumbai - 400064. **PAGHTAR (12)** R.N. 18727/69
On 3rd or 4th of every month **February - 2012** Regd.No. MH/MR-NW-153/2011-2013

## Children Park - Moral Story
## Do you know?

The bright orange colour of carrots tell you they are an excellent source of Vitamin A which is important for good eyesight, especially at night. Vitamin A helps your body fight infection, and keeps your skin and hair healthy.

## પ્રેરણા સ્તોત્ર

એક મહાત્મા હતા. એક વખત એક યુવાન એને મળવા આવ્યો. પરિવારનાં ભરણપોષણ માટે એ તનતોડ મહેનત કરતો હતો. એમ છતાં એની આર્થિક પરિસ્થિતિમાં કોઈ સુધારો થતો નહોતો. જીવનથી હવે એ થાકી-હારી ગયો હતો. એને વારંવાર આત્મહત્યા કરવાનો વિચાર આવી જતો હતો.

મહાત્મા પાસે એ આવ્યો ત્યારે મહાત્મા ખાખરાનાં મોટાં પાન વડે પતરાળી બનાવી રહ્યા હતા. યુવાન કહે છે: 'ગુરુજી, જીવનની અંતવિહીન તકલીફોથી કંટાળી ગયો છું. હવે હું આ ભાર વેંઢારી શકું એમ નથી. જિંદગીનો અંત આણતાં પહેલાં હું આપનાં દર્શન માટે આવ્યો છું.'

મહાત્માએ તો એની વાતને કાને ધર્યા વગર પોતે બનાવેલી પતરાળીઓ યુવાનને આપતાં કહ્યું: 'આ લે અને સામે રસ્તાને પાર ઉકરડો છે ત્યાં ફેંકી આવ.'

યુવાન તો મૂંઝવણમાં મુકાઈ ગયો. એને એ વાત નહોતી સમજાતી કે પતરાળીઓ એંઠી તો હતી નહીં તો પણ હમણાં જ નવી તૈયાર થયેલી પતરાળીઓ શા માટે ઉકરડામાં ફેંકી દેવી જોઈએ ?

એણે પોતાની આ મૂંઝવણ વ્યક્ત કરી: 'ગુરુજી, આપે મહેનત કરીને જાતે તૈયાર કરેલી આ પતરાળીઓ હું કઈ રીતે ઉકરડામાં ફેંકી શકું ?'

મહાત્મા કહે: 'હું તને એ જ તો સમજાવવા માગું છું. આવું સરસ અને વરદાનરૂપ જીવન તને આપવામાં આવ્યું છે એને તું આમ જ પૂરો ઉપયોગ કર્યા વિના કાળની ગર્તામાં શા માટે ફેંકી દેવા માગે છે ?'

યુવાન મહાત્માની વાતનો મર્મ પામી ગયો અને વંદન કરીને નવા ઉત્સાહ સાથે વિદાય થયો.

સમસ્યા કે મુશ્કેલી વગરના જીવનની કલ્પના કરવી એ મૂર્ખામી છે. હારી જવાથી મુશ્કેલીનો અંત આવી જતો નથી. એનાથી ઊલટું જીવનમાં જે કાંઈ કટોકટી સર્જાય એનો હિંમતભેર સામનો કરવાથી જ સમસ્યાનો અંત આવે છે.

---

### અને છેલ્લે.....

પોતાના દુ:ખે જેટલી દુ:ખી નથી થતી એટલી બીજાનાં સુખે દુ:ખી થવાની ચેષ્ટાનું નામ છે ઈર્ષ્યા.

If undelivered return to:

**PAGTHAR**

**Gujarati - Monthly**

**SHRI SARJAN YUVAK SANGH**

6, Gurukrupa,
Dr. Mascaranswadi, Nav Vikas Society,
Navagaon Tekri, Off Laxman Mhatre Road,
Dahisar (West), Mumbai - 400 068.

To,
*Shri*

આ પગથાર પ્રકાશનમાં થતા લેખ દ્વારા વ્યક્ત અભિપ્રાયો પગથારના તંત્રી, મુદ્રક, પ્રકાશક કે માલિક સંમત છે એમ સ્વિકારવું નહીં. પગથાર - શ્રી સર્જન યુવક સંઘ સંબંધી વિવાદોનું ન્યાયક્ષેત્ર મુંબઈ રહેશે. (Subject to Mumbai Jurisdiction) માલિક : શ્રી સર્જન યુવક સંઘ, મુંબઈ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, નવાગામ ટેકરી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, દહિસર (વેસ્ટ), મુંબઈ -400068 વતી તંત્રી-મુદ્રક-પ્રકાશક : શ્રી વિજય અમૃતલાલ વ્યાસે, લકી પ્રિન્ટર્સ, ૪૦ મહેતા ઈન્ડ. એસ્ટેટ, લીબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩, મલાડ (વેસ્ટ), મુંબઈ 400 064 માં છપાવી શ્રી સર્જન યુવક સંઘ, ૬, ગુરૂકૃપા, ડૉ. મસ્કરન્સ વાડી, નવવિકાસ સોસાયટી, ઓફ લક્ષ્મણ મ્હાત્રે રોડ, નવાગાંવ ટેકરી, દહિંસર (વેસ્ટ), મુંબઈ - 400068 થી પ્રગટ કર્યું. Printed, Published & Edited by Shri Vijay Amratlal Vyas On behalf of Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr.Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar (West), Mumbai 400068, Printed at Lucky Printers, 40, Mehta Ind. Estate, Liberty Garden Cross Road No.3, Malad (W) Mumbai - 4000 64 & Published at Shri Sarjan Yuvak Sangh, 6, Gurukrupa, Dr. Mascarans Wadi, Nav Vikas Society, Off Laxman Mhatre Rd, Navagaon Tekri, Dahisar West, Mumbai 400 068 Editor Shri Vijay AmratlalVyas.